# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજ ખાતે "વિશ્વ મત્સ્યોદ્યોગ દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે તારીખ ૨૧.૧૧.૨૦૧૬ને સોમવારના રોજ "વિશ્વ મત્સ્યોદ્યોગ દિવસ"ની ઉજવણી કરવામાં આવી જેમાં ખેડુતો, વિસ્તરણ કાર્યકરો તેમજ વૈજ્ઞાનિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક,આ.કૃ.યુ., આણંદ તથા આમંત્રીત મહેમાન ડૉ. અજીત ચૌધરી અને શ્રી સુનીલ ઐલ, વૈજ્ઞાનિક ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર CIFA, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી. પટેલ દ્વારા મહેમાનશ્રીઓનું તથા ખેડૂત ભાઇઓનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ આજના દિવસનું મહત્વ સમજાવ્યું ત્યારબાદ ડૉ. અજીત ચૌધરીએ "વિશ્વ મત્સ્યોદ્યોગ દિવસ"ની ઉજવણી પાછળના હેતુઓ સમજાવ્યા તેમજ ગુજરાતના વિવિધ જળસ્ત્રોતોમાં થતી માછીમારીની જાણકારી આપી હતી.વધુમાં તેમણે ક્ષેત્રિય સંશોધન કેન્દ્રCIFA, આણંદ દ્વારા થતી મત્સ્ય ઉછેર અને તેને લગતી કામગીરી વિશે માહિતી આપી. કેન્દ્રના વૈજ્ઞાનિક, ફિશરીઝ શ્રી જૈમિન એચ. ભટ્ટ એ સાતત્યપૂર્ણ માછીમારી કરવાની રીતો અને માછલીના પ્રોસેસીંગ માટે પર્યાવરણને મદદરૂપ પધ્ધતીઓની સમજ આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. એચ. બી. પટેલે મત્સ્યઉછેર સાથે ખેતી, પશુપાલન અને બાગાયતી પાકોના ઉછેર પર ધ્યાન આપવા જણાવ્યુ હતું તદઉપરાંત વિવિધ પ્રકારના માછલીઘર બનાવી તેમાં જુદી જુદી જાતની રંગબેરંગી માછલીઓનો ઉછેર કરવા પર ભાર આપ્યો હતો તેમજ મત્સ્યઉદ્યોગ સાથે સંકળાયેલ ખેડૂતોને વધારે ઉત્પાદન કરી વધુ આવક મેળવવા પ્રોત્સાહીત કર્યા હતા કાર્યક્રમના અંતે શ્રી જૈમિન એચ. ભટ્ટ એ ઉપસ્થિત મહેમાનો તથા ખેડુતોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પુર્ણ કરેલ.




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
દિવસ



